# ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

વડી કચેરી, પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર- ૩૮૨૦૧૦

Council of Homoeopathic
System of Medicine
I.W. No.: 4269
Date: 7/12/19

## પરિપત્ર

**વિષય:- જૈવિક તબીબી કચરો ઉત્પન્ન ન થતો હોય તેવી પથારી ન ધરાવતી તબીબી સંસ્થાઓને જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન મેળવવામાંથી મુક્તિ આપવા બાબત.**

વંચાણે લીધા:

(૧) ભારત સરકાર દ્વારા તા.૨૦/૦૭/૧૯૯૮ના જાહેરનામાં ક્રમાંક: એસઓ.૬૩૦(ઇ) દ્વારા જાહેર કરવામાં આવેલ જૈવિક તબીબી કચરા નિયમો-૧૯૯૮.

(૨) ભારત સરકાર દ્વારા તા.૨૮/03/૨૦૧૬ના જાહેરનામાં ક્રમાંક: જી.એસ.આર ૩૪૩(ઇ) દ્વારા જાહેર કરવામાં આવેલ જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬.

(3) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પત્ર ક્રમાંક: ૩૧૦૧૧/બી.એમ.ડબલ્યુ(૧૫.૨)/૨૦૧૯/ડબલ્યુ.એમ.ડી.-૧/૯૦૬૧ તા.૨૧/૧૧/૨૦૧૯.

કેન્દ્ર સરકારના પર્યાવરણ વન અને ક્લાઈમેટ ચેઇન્જ મંત્રાલય દ્વારા તા.૦૮/૦૪/૨૦૧૬ના રોજ જૈવિક તબીબી કચરા નિયમો ૧૯૯૮ની જગ્યાએ જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ અમલમાં મુકવામાં આવેલ છે. તેના નિયમ-૧૦ની જોગવાઈ મુજબ;

(૧) પથારી ન ધરાવતી તબીબી સંસ્થાઓએ નિયમ (૧૦) (૧) મુજબ ફક્ત એકજ વખત ઓથોરાઈઝેશનની અરજી કરવાની રહે છે અને ઓથોરાઈઝેશન કાયમ માટે આપવાનુ રહે છે.

(૨) પથારી ધરાવતી તબીબી સંસ્થાઓ નિયમ (૧૦) મુજબ કન્સેન્ટની જોગવાઈ હેઠળ પણ આવરી લેવાયેલ છે તેથી તેઓને ઓથોરાઈઝેશનની અરજી સાથે કન્સેન્ટની અરજી પણ સાથે કરવાનું ફરજીયાત કરવામાં આવેલ છે.

નોન બેડેડ તબીબી સુવિધાઓ કે જે અગાઉ બાયો મેડીકલ વેસ્ટ રૂલ્સ – ૧૯૯૮માં બેડ વગરની હેલ્થ કેર ફેસેલીટી કે જે મહિને ૧000થી ઓછા દર્દીઓ તપાસતા હોય તેને ઓથોરાઇઝેશન લેવામાંથી મુકતી આપવામાં આવેલ હતી તેવી તમામ તબીબી સંસ્થાઓએ એક વખત ઓથોરાઇઝેશન મેળવવુ જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ફરજીયાત બનાવાયેલ છે. જ્યારે બેડેડ તબીબી સંસ્થાઓને ઓથોરાઇઝેશનની સાથે કન્સેન્ટ લેવાનું ફરજીયાત બનાવાયેલ છે. આમ નવા નિયમો હેઠળ બન્ને પ્રકારના હેલ્થ કેર એકમો આવરી લેવાયેલ છે.

Brijesh Chauhan 9662932262

જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ના નિયમ-૨ (૧)ની જોગવાઈ મુજબ;

"આ નિયમો, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, ચિકિત્સાલય, દવાખાનાઓ, પશુચિકિત્સાલયો, પશુઘરો, રોગવિજ્ઞાન સંબંધી પ્રયોગશાળાઓ, બ્લડ બેંકો, આયુષ હોસ્પિટલો, તબીબી સંસ્થાઓ, સંશોધન અથવા શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય શિબિર, તબીબી અથવા શસ્ત્રક્રિયા શિબિર, રસીકરણ શિબિર, રક્ત દાન શિબિર, શાળાઓના પ્રાથમિક સારવાર ગૃહો, ફોરેન્સિક પ્રયોગશાળાઓ અને સંશોધન પ્રયોગશાળાઓ સહિત કોઈ પણ સ્વરૂપમાં જૈવિક તબીબી કચરો ઉત્પન્ન કરતી હોય, એકત્રિત કરતી હોય, મેળવતી હોય, સંગ્રહ કરતી હોય, હેરફેર કરતી હોય, પ્રક્રિયા કરતી હોય, નિકાલ કરતી હોય અથવા તેની જાળવણી કરતી હોય તેવી પ્રત્યેક વ્યક્તિઓને લાગુ પડશે".

કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક સિસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્યની હોમીયોપેથીક પ્રેક્ટીશનર/ કન્સલ્ટન્ટ દ્વારા જૈવિક તબીબી કચરો ઉત્પન્ન ન થતો હોય તેવી પથારી ન ધરાવતી તબીબી સંસ્થાઓને જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન મેળવવામાંથી મુક્તિ આપવા બાબતની રજૂઆત અન્વયે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા. ૨૧/૧૧/૨૦૧૯ના પત્રથી નિયમોના શિડ્યુલ-૧માં દર્શાવેલ જૈવિક તબીબી કચરો ઉત્પન્ન થતો હોય તેવી તબીબી સંસ્થાઓએ જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન મેળવવાનું રહે છે તેવો અભિપ્રાય આપેલ છે.

આથી જૈવિક તબીબી કચરો ઉત્પન્ન ન થતો હોય તેવી પથારી ન ધરાવતી તબીબી સંસ્થાઓને તેઓની સંસ્થામાં જૈવિક તબીબી કચરો ઉત્પન્ન થતો નથી તે અંગેનું નોટરાઇઝડ બાહેધારીખત રજૂ કર્યેથી એક્સ.જી.એન(XGN) પર નોંધણી કરી જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૧૬ હેઠળ ઓથોરાઈઝેશન મેળવવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

(એન.એમ.તાભાણી)
સભ્ય સચિવ

નં: જીપીસીબી/ બી.એમ.ડબલ્યુ.-સી-૧૨૭(૨)/ 530782 | 17 DEC 2019

નકલ રવાના:-

(૧) તમામ પ્રાદેશિક કચેરી, ગુ.પ્ર.નિ.બોર્ડને જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) તમામ યુનિટ હેડશ્રી : જરૂરી જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.

(૩) આઇટી શાખા, એક્ષપીએન પર મુકવા અર્થે

(૪) માન અધ્યક્ષશ્રી/ સભ્ય સચિવશ્રીના અંગત સચિવને જાણ અર્થે